BUSINESS મિક્સ Plus

ક્રિપ્ટો માર્કેટમાં હાહાકાર : બિટકોઈન બે વર્ષના તળિયે

બિટકોઇન છેલ્લા કેટલાક મહિનાઓથી જોરદાર ઉથલપાથલનો સામનો કરી રહ્યું છે. કિમતોમાં આવેલા તીવ્ર ઘટાડાએ રોકાણકારોને ચિંતામાં મૂકી દીધા છે, પરંતુ બીજી તરફ ઘણા વિશ્લેષકો હજુ પણ લાંબા ગાળે આ ડિજિટલ એસેટને લઇને આશાવાદી છે. બિટકોઇનનું ભવિષ્ય હવે માત્ર ક્રિપ્ટોકરન્સી બજાર પર નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર, વ્યાજદરની નીતિઓ અને સંસ્થાકીય રોકાણકારોના વલણ પર પણ નિર્ભર બની ગયું છે.

જોકે, વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઇનના ભાવમાં ભારે ઘટાડો નોંધાયો છે અને તે છેલ્લા બે વર્ષથી વધુ સમયના નીચા સ્તરે પહોંચી ગયો છે. ગત સપ્તાહમાં બિટકોઇનનો ભાવ ઘટીને આશરે 55533 ડોલર સુધી પહોંચી ગયો હતો. એક જ દિવસમાં તેમાં 5.7 ટકાનો ઘટાડો નોંધાયો હતો. અગાઉ બિટકોઇન 1.26 લાખ ડોલરથી ઉપરના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો હતો. તેની સરખામણીએ



ક્રિપ્ટો પોઝિશનનું લિક્વિડેશન થયું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ખાસ કરીને ભાવ વધવાની અપેક્ષા રાખીને ખરીદી કરનારા રોકાણકારોની પોઝિશન ફરજિયાત બંધ થતાં બજારમાં વેચવાલીનું દબાણ વધુ વધ્યું છે.

આ ઉપરાંત ક્રિપ્ટો એક્સચેન્જની સુરક્ષા અને હેકિંગ જેવી ઘટનાઓને કારણે પણ રોકાણકારોના વિશ્વાસ

એઆઇ અને ટેકનોલોજી શેરોમાં કડાકો, અમેરિકામાં વ્યાજદર વધવાની ભીતિ તથા બિટકોઇન ઇટીએફમાંથી અબજો ડોલરની વેચવાલીથી ડિજિટલ કરન્સી પર દબાણ

વર્તમાન ભાવમાં 50 ટકાથી વધુનું ધોવાણ થયું છે.

એઆઇ ક્ષેત્રમાં થઇ રહેલા જંગી મૂડીરોકાણ સામે ભવિષ્યમાં કેટલું વળતર મળશે તે અંગે રોકાણકારોમાં ચિંતા વધી છે. પરિણામે જોખમી રોકાણોમાંથી નાણાં પાછાં ખેંચવાની પ્રવૃત્તિ વધી છે. બિટકોઇનના ઘટાડાનું બીજું મોટું કારણ ક્રિપ્ટોકરન્સી ઇટીએફમાંથી થઇ રહેલી સતત વેચવાલી છે. ચાલુ વર્ષ દરમિયાન બિટકોઇન ઇટીએફમાંથી 3 અબજ ડોલરથી વધુનું ભંડોળ બહાર નીકળ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. સંસ્થાકીય રોકાણકારો દ્વારા કરવામાં આવતી આ વેચવાલીથી બજારમાં ખરીદીનું દબાણ નબળું પડ્યું છે. બીજી તરફ અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો થઇ શકે તેવી આશંકાએ પણ રોકાણકારોને સાવચેત કર્યા છે. વ્યાજદરમાં વધારો થાય તો સરકારી બોન્ડ અને અન્ય પરંપરાગત રોકાણો વધુ આકર્ષક બની શકે છે, જેના કારણે બિટકોઇન જેવી જોખમી સંપત્તિઓની માંગ ઘટે છે.

બિટકોઇનના ભાવમાં ઘટાડા સાથે લિવરેજ લઇને વેપાર કરતા રોકાણકારોને પણ મોટું નુકસાન થયું છે. ભાવમાં અચાનક ઘટાડો થતાં આશરે 2 અબજ ડોલરના

પર અસર પડી છે. અમેરિકન ડોલરની મજબૂતી અને વૈશ્વિક બજારોમાં વધતી અનિશ્ચિતતાએ ક્રિપ્ટોકરન્સી માર્કેટની મુશ્કેલી વધારી છે.

બિટકોઇનના આ ઘટાડાની અસર ભારતીય રોકાણકારો પર પણ પડી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ક્રિપ્ટોકરન્સી તરફ આકર્ષાયેલા યુવા રોકાણકારો અને નાના રોકાણકારોના પોર્ટફોલિયોમાં મોટું ધોવાણ થયું છે. વૈશ્વિક ભાવમાં ઘટાડો થતાં ભારતીય રોકાણકારોની સંપત્તિનું મૂલ્ય પણ ઘટ્યું છે. ક્રિપ્ટો માર્કેટમાં સતત વધઘટને કારણે રોકાણકારો હવે જોખમ લેતાં પહેલાં વધુ સાવચેતી રાખે તેવી શક્યતા છે.

આગામી દિવસોમાં બિટકોઇન માટે 50000થી 54000 ડોલરનો વિસ્તાર મહત્વના સપોર્ટ ઝોન તરીકે જોવામાં આવી રહ્યો છે. જોકે વૈશ્વિક શેરબજારોની ચાલ, અમેરિકાની વ્યાજદર નીતિ અને ઇટીએફમાં નાણાંના પ્રવાહ પર ભાવિ દિશાનો આધાર રહેશે. જો સંસ્થાકીય રોકાણકારો ફરી ખરીદી શરૂ કરે અને વૈશ્વિક બજારોમાં સ્થિરતા આવે તો બિટકોઇનમાં સુધારો જોવા મળી શકે છે. બીજી તરફ વેચવાલી ચાલુ રહે તો ઘટાડો વધુ લંબાઇ શકે છે.

બિટકોઇનને અત્યાર

ક્રિપ્ટો કરન્સી વોચ



માર્કેટની માંગ પર નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર, વ્યાજદર અને સંસ્થાકીય રોકાણકારોના વિશ્વાસ પર પણ નિર્ભર રહેશે.

આમ છતાં, બિટકોઇન માટે સૌથી મોટો પડકાર તેની ઊંચી અસ્થિરતા છે. થોડા દિવસોમાં જ ભાવમાં ડબલ ડિજિટ ટકાવારીનો વધારો અથવા ઘટાડો જોવા મળતો હોવાથી ઘણા રોકાણકારો માટે તે જોખમી રોકાણ ગણાય છે. વૈશ્વિક શેરબજારોમાં મંદી, અમેરિકન ફેડરલ રિઝર્વની વ્યાજદર નીતિ અને ડોલરની મજબૂતાઇ બિટકોઇન પર સતત દબાણ ઊભું કરી શકે છે. આ ઉપરાંત વિવિધ દેશોમાં ક્રિપ્ટોકરન્સી સંબંધિત કડક નિયમનનું જોખમ પણ યથાવત છે. સરકારો દ્વારા વધુ નિયંત્રણો લાદવામાં આવે તો બજારના વિકાસની ગતિ ધીમી પડી શકે છે. સાયબર હુમલા, હેકિંગ અને ક્રિપ્ટો એક્સચેન્જ સંબંધિત સુરક્ષાની ચિંતાઓ પણ રોકાણકારોના વિશ્વાસને અસર કરી શકે છે. પડકારોની વચ્ચે કેટલીક બાબતો બિટકોઇન માટે સકારાત્મક સંકેતો આપી રહી છે. વિશ્વભરના મોટા નાણાકીય સંસ્થાઓ ધીમે ધીમે ડિજિટલ એસેટ્સને સ્વીકારવા લાગી છે. બિટકોઇન ઇટીએફ જેવા રોકાણ વિકલ્પોના આગમનથી પરંપરાગત રોકાણકારો માટે બજારમાં પ્રવેશ વધુ સરળ બન્યો છે.

એઆઇ, બીગટેક, રિસ્કએસેટમાં મંદીની સુનામી : ફિલાડેલ્ફિયા સેમીકંડકટર ઈન્ડેકસ 25 વરસના તળીયે

એનવીડીયામાં જેનસેન હવાંગની હકાલપટ્ટી અને એસઇસીએ નાણાંકીય ગેરરીતાનન મામલે તપાસો આરંભી હોના સમાચાર પછી એએમડી, માઇક્રોન, બ્રોડકોમ સહીતની મેમરી ચિપ્સ- સેમીકંડકટર કંપનીઓમાં કડાકો બોલી ગયો છે. એઆઇ બબલ ફુટતા સંખ્યાબંધ મેમરી- ચિપ્સ- સેમીકંડકટર ફેબ શેરો તૂટ્યા છે. એન્થોપિકના મેગા આઇપીઓનું ધમાકેદાર લિસ્ટિંગ થયા પછી તૂરત એમાં પણ વેચવાલી આવતા એઆઇ બબલ ફુટી ગયાના આસારે ઇમર્જિંગ શેરબજારો તાઇવાન, કોરિયા, જાપાન, નાસદાક તેમજ મોટા ભાગની રિસ્ક એસેટ જેવી કે સોનાચાંદી, કોપર, પેલેડિયમ, ટીન વગેરે તૂટ્યા છે. બીટકોઇન, ટીથર જેવા ઓલ્ટકોઇનમાં પણ કડાકો આવ્યો છે. મેઇનસ્ટ્રિમ કરન્સીઓ પાઉન્ડ, યુરો, યેન પણ તૂટ્યા છે. એક માત્ર ડોલર ઇન્ડેકસ સેફ હેવન તરીકે ઉભરી આવ્યો છે. ભારત એઆઇના ઉન્માદથી અલિપ્ત હોવાના કારણે ગ્લોબલ ટેકનોલોજી મેલ્ટડાઉનમાં સેફ હેજ તરીકે ભારત સ્વિટ સ્પોટ તરીકે ઉભરી આવ્યું છે. સેન્સેકસ અને નિફ્ટીમાં શાનદાર રિબાઉન્ડ આવ્યો છે. નિફ્ટી ઓકટોબરના લો ૨૨૧૯૦થી ઉછળી ૨૫૮૦૦ને પાર નીકળી ગયો છે. રૂપિયામાં પણ શાર્પ રિકવરી આવી છે. રૂપિયો ૯૬.૮૮ના ઓલટાઇમ લો થી ઉછળી ૯૨.૬૭ સુધી આવી ગયો છે.

એઆઇ ચિપ્સ મેલ્ટડાઉન એક રીતે જોતા ૨૦૦૮ના કડાકાની યાદ અપાવે છે. ૨૦૦૮માં હાઉસીંગ બબલ તૂટ્યો ત્યારે પણ શેરો, સોનાચાંદી, ફુડ, કોપર સહીત રિસ્ક એસેટ તૂટી હતી. એનવીડીયા એક અર્થમાં એઆઇ સ્ટાર્ટ અપની બેન્ક હતી. એઆઇ મેલ્ટડાઉનને પગલે ઘણા એઆઇ સ્ટાર્ટઅપ અને સ્વયં એઆઇ ઇકો સિસ્ટમને પોતાને પણ મોટો ઝાટકો લાગ્યો છે. બીગ ટેક અને વીકસીત બજારો પણ એઆઇ હ્યોઆઉટથી હચમચ્યા છે. નાણાંકીય નુકસાનીની વાત કરીએ તો એકલા એનવીડીયાનું માર્કેટ કેપ ૫.૭ ટ્રિલિયન ડોલરથી ઘટીને ૩.૩ ટ્રિલિયન ડોલર થઇ ગયું છે. ચીનના એઆઇ સેકટરમા માર્કેટ કેપમાં ૧.૭ ટ્રિલિયનનો ઘટાડો છે.વૈશ્વિક સ્તરે એઆઇ- ટેક સેકટરના માર્કેટ કેપમાં અંદાજે ૮-૯ ટ્રિલિયન ડોલરનો ઘટાડો થયો છે. ફિલાડેલ્ફિયા સેમીકંડકટર ઇન્ડેકસ ૨૫ વરસના તળીયે પહોચ્યો છે. ઓપન એઆઇ, ગુગલ, એન્થ્રોપિક

બિરેન વકીલ

જેવા હાયપરસ્કેલરની ડેબ્ટ રેસ, સરકયુલર ફાયનાન્સીયંગ મામલે તપાસો શરુ થઇ છે. ૩ જાન્યુઆરીથી અમેરિકામાં કોંગ્રેસમાં ડેમોક્રેટસનો કબજો આવતા વોલસ્ટ્રિટ- એઆઇ-ક્રિપ્ટો પર રેગ્યુલોટરી તવાઇ તેમજ ટ્રમ્પ ફેમિલીના બીઝનેસ ડિલિંગ, ઇરાન વોર સહીત મહત્વના મુદાઓ પર તપાસો શરુ થશે. એઆઇ કટોકટી વધુ વણસે તો વૈશ્વિક નાણાંબજારો પર મોટી વિપરીત અસર કરી શકે.

બજારોની વાત કરીએ તો સેફ હેવન કહેવાતા સોચાંદીમાં, ખાસ કરીને ચાંદીમાં ભારે મોટો કડાકો આવ્યો છે.



એમસીએકસ ચાંદી વરસના આરંભે ૪.૨૧ લાખ ડોલર થઇ ગઇ હતી તે હવે તૂટીને ૧.૪૭ લાખ પહી ગઇ છે. લંડન હાડર ચાંદી ૧૨૧ ડોલરથી તૂટીને ૪૦.૮૦ લોડલર થઇ ગઇ છે. અંદાજે ૬૫ ટકાનો કડાકો આવ્યો છે. સોનું

નિફટી અને રૂપિયામાં શાનદાર રિકવરી, અનાજની મોંઘવારી રોકવા સરકાર સતર્ક

વરસના આરંભે ૧૮૩૦૦૦ હતુ તે તૂટીને ૧૨૧૫૦૦ થઇ ગયું છે. લંડન હાજર સોનું ૫૫૯૦ ડોલરથી તૂટીને ૩૫૦૫ ડોલર થઇ ગયું છે. પેલેડિયમ ૧૯૦૦ ડોલરથી ઘટીને ૮૮૦, પ્લેટિનમ ૨૯૮૨થી તૂટીમે ૧૨૨૫ ડોલર થઇ ગયા છે. ઓલ્ટરનેટ એસેટમાં બીટકોઇનમાં ભારે મોટો કડાકો આવ્યો છે. ૨૦૨૫માં બીટકોઇન ૧૨૫૦૦૦ થઇ ગયો હતો તે હાલ ૬૦૦૦૦ ડોલર નીચે જતો રહ્યો છે. કટોકટી વખતે ડલર જ રાજા રહે છે. સોનાચાંદી, બીટકોઇન જેવા ઓલ્ટરનેટ સેફ હેવન ચાલતા નથી. ડી-ડોલરાઇઝેશનની ફેન્સી હાલ પુરતી ધરાશાયી થઇ ગઇ છે.

ઘરઆંગણે બજારોની વાત કરીએ તો ગ્લોબલ મેલ્ટડાઉન પછી ભારતીય બજારોમાં તેજ રિકવરી આવી છે. નિફટી ૨૨૨૦૦ના ટ્રિપલ બોટમથી ઉછળી ૨૫૮૦૦ થયો છે. ટેકનીકલી નિફટી ૨૬૪૦૦ સુધી જઇ શકે. રૂપિયો ૯૬.૮૮થી ઉછળી ૯૨.૬૭ સુધી આવ્યો છે. રૂપિયો પણ ૯૨.૬૬ તોડે તો ૯૧.૭૦ સુધી સુધરી શકે. શેરબજારોમાં એફઆઇઆઇની લેવાલી છે, આગામી અંદાજપત્રમાં મૂડીબજારોમાં તેજી માટે ટેકસરાહતો, કેપેકસ બુસ્ટ સહીત સપોર્ટિવ પગલા આવવાની ધારણા છે. ઇરાન-યુક્રેન વોર મામલે કોઇ નવા સમાચાર નથી. બેઉ વોર હાલ પુરતી ફ્રોઝન કોન્ફલિકટ બની છે. પણ ક્રુડઓઇલમાં માલભારાની સ્થિતી વચ્ચે બ્રેન્ટ અને ક્રુડ નરમ પડયા ચે. ખાસ કરીને વેસ્ટ આફ્રિકાનું ૧૫-૨૫ ડોલર જેવા ડિસ્કાઉન્ટમાં વેચાય છે. અમુક એશિયાન બાયરોએ ૬૫-૭૦ ડોલરાન ભાવે વેસ્ટ આફ્રિન ક્રુડ લીધુ છે. વેનેઝુએલા- કેનેડાનું મિડિયમ સાવર ગ્રેડ ક્રુડ પણ નોંધપાત્ર ડિસ્કાઉન્ટમાં વેચાય છે. અમેરિકામાં ડિઝલના ભાવ હવે છ ડોલર નીચે જતા રહ્યા છે. આગળ પર અમેરિકામાંકદાચ ક્રુગાવાના ડેટા ૨-૩ મહીના પછી સોફ્ટ થઇ શકે.

ઘરઆંગણે ઓકટોબરનો વપરાશી ક્રુગાવો ૬.૦૯ થયો છે. ફુડ ઇન્ફ્લેશન ૮.૯૧ થયુ છે, હાલમાં તેલીબીયાં-અનાજ-કઠોળની એકઘારી તેજી જોતા નવેમ્બરમાં ક્રુડ ઇન્ફ્લેશન ૯.૫૦ ટકા વટાવી જાય તો નવાઇ નહી. તેલીબીંયા-ખોળ-કેટલફીડની તેજી બેકાબુ બને એમ દેખાય છે એ જોતા સરકાર અનાજ-કઠોળની મોંઘવારી રોકવા કડક પગલા ઉઠાવે નવાઇ નહી. કઠોળમાં સ્ટોક લીમીટ, તેલોમાં ડયુટીકટ, આયાતી સોયા ડીએમ ખોળમાં શરતી મંજૂરી જેવા પગલા આવી શકે. ઘઉમાં રવી વાવેતર નોંધપાત્ર વિલંબીત હોઇ ઘઉ-બાજરી-મકાઇ વગેરે અનાજમાં ગર્ભિત તેજી દેખાય છે. તૂવેરમાં આફ્રિકામાં પણ નીચો પાક, લોકલ પાક પણ નીચો રહેવાની ધારમા વચ્ચે બજારમાં લાલચોળ તેજી છે. સરકાર કઠોળમાં કન્ટ્રીટુકન્ટ્રિ આયાત કરારોમાં એકતિવ હોવાના સમાચાર મળે છે.

રોજગારીસર્જન અને વેતનવૃદ્ધિની બાબતમાં ભારતીય ઉદ્યોગોએ આત્મમંથન કરવાની જરૂર

ગુરુવારે એક ઉદ્યોગ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય ઉદ્યોગ જગતને પૂછેલા તીખા સવાલો માત્ર ઔપચારિક તાળીઓ કરતાં વધુ ગંભીરતા માંગી લે છે. વર્ષો સુધી કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો, પ્રોત્સાહનો અને નિયમનકારી સુધારાઓ આપ્યા પછી, રોજગાર, વેતન અને ઉત્પાદન ક્ષમતામાં તે મુજબનો વધારો ક્યાં છે? જે ઉદ્યોગ વારંવાર સરકારી સહાયની માંગ કરે છે,

સરકારે માળખાગત સુવિધાઓ અને નિયમનકારી અવરોધો દૂર કરવાનું ચાલુ રાખવું જોઈએ, પરંતુ ઉદ્યોગે પણ પોતાની જવાબદારીનો હિસ્સો સ્વીકારવો જ પડશે

પરંતુ રોજગાર અને રોકાણને અન્ય કોઈની જવાબદારી માને છે, તેને પડકારવામાં વડાપ્રધાન બિલકુલ સાચા છે. બજેટ પહેલાં વધુ એક માંગણીઓનું લિસ્ટ તૈયાર કરવાને બદલે કોર્પોરેટ બોર્ડરૂમમાં ગંભીર આત્મમંથન કરવાની જરૂર છે. આ વિરોધાભાસ સ્પષ્ટ દેખાઈ આવે છે. આર્થિક સર્વેક્ષણ 2024-25 માં નોંધવામાં આવ્યું હતું કે કોર્પોરેટ નફો જીડીપીના 4.8% સાથે 15 વર્ષની ટોચે પહોંચ્યો હતો, જ્યારે રોજગાર વૃદ્ધિ અત્યંત નબળી રહી હતી. વધતો નફો આવકાર્ય છે; તે વિસ્તરણ માટે નાણાં પૂરા પાડે છે અને જોખમ લેવાનું વળતર આપે છે. પરંતુ જ્યારે વેતન સ્થિર રહે છે અને નવી ભરતીઓ કમાણીની સરખામણીમાં પાછળ રહી જાય છે, ત્યારે અર્થતંત્ર માંગનું એક આવશ્યક એન્જિન ગુમાવે છે. કામદારો પણ આખરે તો ગ્રાહકો જ છે. ઘરેલું ખર્ચને ટકાવી રાખતી આવકને દબાવી રાખીને કંપનીઓ અનિશ્ચિત સમય સુધી તેજીમય વેચાણની અપેક્ષા રાખી શકે નહીં.

આ હવે માત્ર રાજકીય દલીલ રહી નથી. આર્થિક બાબતોના સચિવ અનુરાધા ઠાકુરે વ્યવસાયોને સ્થિર વેતનની સમસ્યા પર ધ્યાન આપવા વિનંતી કરી છે અને દલીલ કરી છે કે ઊંચું વેતન માંગને વેગ આપીને ખાનગી રોકાણમાં થઈ રહેલી સુધારણાને મજબૂત બનાવી શકે છે. જ્યારે મોંઘવારી અને લોનના ઊંચા વ્યાજદર ઘરેલું બજેટ પર દબાણ લાવી રહ્યા છે, ત્યારે તેમની આ ચિંતા ખાસ સુસંગત છે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને પણ સમાન રીતે ન્યાયી વૃદ્ધિ, મજબૂત વેતન અને સમયસર ચૂકવણી પર ધ્યાન દોર્યું છે. આર્થિક નીતિ ઘડવૈયાઓનો સંદેશ સ્પષ્ટ છેઃ વૃદ્ધિની તંદુરસ્ત વહેંચણી ઉદ્યોગસાહસિકતાને નબળી પાડવાને બદલે વધુ મજબૂત બનાવે છે. સરકારે મહત્વપૂર્ણ

કરન્ટ-ટોપિક



બાબતોમાં પોતાની ભૂમિકા ભજવી છે. 2019 માં કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાનો હેતુ નવા રોકાણને પ્રોત્સાહિત કરવાનો હતો. આવકવેરામાં રાહત અને જીએસટી (GST) ના ફેરફારોનો ઉદ્દેશ્ય ગ્રાહકોના હાથમાં વધુ ખર્ચ કરવાની શક્તિ આપવાનો રહ્યો છે. આ પગલાં ખાનગી મૂડી ખર્ચમાં ઉછાળાની ખાતરી આપતા નથીઃ અનિશ્ચિત માંગ, વૈશ્વિક અસ્થિરતા અને ધિરાણની મર્યાદાઓ પણ મહત્વની છે. તેમ છતાં, વ્યવસાયો



નવી રાહતો માંગતી વખતે આ અવરોધોનું બહાનું અનિશ્ચિત સમય સુધી આગળ ધરી શકે નહીં. જાહેર સહાયની સામે ઉત્પાદન ક્ષમતા નિર્માણ, ભરતી, તાલીમ અને ઉત્પાદકતા આધારિત વેતન સુધારા માટેની નક્કર યોજનાઓ હોવી જોઈએ.

વિશાળ સ્થાનિક બજાર પ્રત્યે ઉદ્યોગના આરામદાયક વલણ પર સવાલ ઉઠાવવામાં પણ મોદી એટલા જ વ્યાજબી હતા. ભારતીય ગ્રાહકોને એવા લાચાર ખરીદદારો ન ગણવા જોઈએ જેઓ હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ સ્વીકારી લેશે, જ્યારે નિકાસકારોને શ્રેષ્ઠ ગુણવત્તાનો માલ મળે. મુક્ત વેપાર કરારો(FTAs)ને પણ માત્ર રાજદ્વારી સિદ્ધિઓ તરીકે ન જોવા જોઈએ. તે એવી વ્યાપારી તકો પૂરી પાડે છે જેનો લાભ કંપનીઓએ બહેતર ડિઝાઇન, ટેકનોલોજી, માર્કેટિંગ અને વિતરણ દ્વારા લેવો જોઈએ. રક્ષણ અને પ્રોત્સાહનો આંતરરાષ્ટ્રીય સ્પર્ધાની શિસ્તનો વિકલ્પ બની શકે નહીં. ભારતને વધુ રોજગાર-લક્ષી વૃદ્ધિ મોડલની પણ જરૂર છે.


એન્થ્રોપિકનો શાનદાર IPO એઆઇ અંગેની રોકાણકારોની ચિંતા ઘટાડી શક્યો નથી

એન્થ્રોપિકના શેરે પ્રથમ દિવસે 97.17 ડોલર પર કારોબાર પૂર્ણ કર્યો–જે તેના 83 ડોલરના IPO ભાવ કરતા ઘણો વધારે છે. આ AI કંપનીએ નાસ્ડેક પર શેર દીઠ આશરે 111.50 ડોલરના ભાવે પ્રવેશ કર્યો હતો અને બજાર બંધ થતા સુધીમાં તે 97.17 ડોલર પર સ્થિર થયો હતો. જોકે, કંપનીનું માર્કેટ વેલ્યુ $1.75 ટ્રિલિયન સુધી પહોંચવાની સાથે AI સુરક્ષા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા, આ ટેકનોલોજીથી ઊભા થતા જોખમો અને તેના સ્થાપકોની વધતી જતી સંપત્તિ અંગે નવા પ્રશ્નો પણ ઊભા થયા છે. OpenAIના ભૂતપૂર્વ કર્મચારીઓના એક જૂથે સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને AI બિઝનેસ શરૂ કરવાનું નક્કી કર્યા બાદ, સિલિકોન વેલીના એક નાના સ્ટાર્ટઅપ તરીકે શરૂ થયેલી આ કંપનીએ ગુરુવારે વોલ સ્ટ્રીટ પર પ્રવેશ કર્યો. ટ્રેડિંગના પહેલા જ દિવસે તેના શેરમાં 30%થી વધુનો ઉછાળો આવ્યો, જેનાથી તે વિશ્વની પ્રથમ જાહેરમાં ટ્રેડ થતી અગ્રણી AI કંપની બની ગઈ છે. જો કે, આ મજબૂત શરૂઆત AI ઉદ્યોગ અંગેની વ્યાપક ચિંતાઓને શાંત કરવા માટે પૂરતી નથી. AIના વિકાસ પાછળ ખર્ચવામાં આવી રહેલી જંગી રકમ, ટેકનોલોજી કંપનીઓ પર વધતું દેવું અને આ ટેકનોલોજી માનવજાત માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે તેવી શક્યતાઓને લઈને રોકાણકારો હજુ પણ ચિંતિત છે.

શુક્રવારે વૈશ્વિક બજારોમાં પણ આ ચિંતાઓ જોવા મળી હતી. એન્થ્રોપિકના શાનદાર IPO છતાં એશિયન શેરબજારો માર્ચ 2020

AIના વિકાસ પાછળ ખર્ચવામાં આવી રહેલી જંગી રકમ, ટેકનોલોજી કંપનીઓ પર વધતું દેવું અને આ ટેકનોલોજી માનવજાત માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે તેવી શક્યતાઓને લઈને રોકાણકારો હજુ પણ ચિંતિત છે

પછીના તેમના સૌથી ખરાબ સાપ્તાહિક પ્રદર્શન તરફ આગળ વધી રહ્યા છે. ટ્રેડિંગના પહેલા દિવસે એન્થ્રોપિકના શેરમાં ઉછાળો આવ્યો હોવા છતાં, આ લિસ્ટિંગથી વ્યાપક AI બજારમાં વિશ્વાસ પુનઃસ્થાપિત થઈ શક્યો નથી. શુક્રવારે એશિયન શેરોમાં તીવ્ર ઘટાડો થયો હતો અને તે માર્ચ 2020 પછીના સૌથી ખરાબ સપ્તાહ તરફ આગળ વધી રહ્યા હતા. જાપાન સિવાયના એશિયા-પેસિફિક શેરોનો MSCI નો સૌથી વ્યાપક ઇન્ડેક્સ 2.5% ઘટ્યો, જે સતત છઠ્ઠા દિવસે ઘટાડા તરફ આગળ વધ્યો છે. આ સપ્તાહે આ ઇન્ડેક્સ 7% ઘટ્યો છે, જે માર્ચ 2020 પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો છે. અમેરિકામાં S|P 500 અને નાસ્ડેક કમ્પોઝિટ બંનેમાં 2% થી વધુના ઘટાડા બાદ આ નુકસાન જોવા મળ્યું હતું. એન્થ્રોપિકના શેરોએ તેમના ઐતિહાસિક માર્કેટ ડેબ્યૂ દરમિયાન 30% થી વધુનો ફાયદો મેળવ્યો હતો,



છે. AIના વિકાસ માટે કંપનીઓ દ્વારા લેવામાં આવી રહેલા વધતા દેવા અંગે પણ રોકાણકારો ચિંતિત છે. આ સાથે જ, આ ટેકનોલોજી માનવ અસ્તિત્વ માટે ખતરો બની શકે છે તેવી AI લીડર્સની ચેતવણીઓએ બજારની અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. રોઇટર્સે જણાવ્યું હતું કે AI ટ્રેડમાં ઘટતા વિશ્વાસ અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં વધુ વધારો થવાની અપેક્ષાઓએ એકંદર બજારના સેન્ટિમેન્ટને નબળું પાડ્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે વધતો જતો મંદીનો માહોલ શેરોને વધુ નીચે ધકેલી શકે છે. યુએસ સ્ટોક ફ્યુચર્સ પણ વધુ નુકસાન તરફ ઈશારો કરી રહ્યા હતા; શુક્રવારે એશિયન ટ્રેડિંગમાં S|P 500 ફ્યુચર્સ 0.4% અને નાસ્ડેક ફ્યુચર્સ 0.7% ઘટ્યા હતા.

એન્થ્રોપિકની સ્થાપના સાત લોકો દ્વારા કરવામાં આવી હતી, જેમાં CEO ડેરિયો અમોડેઈ (43), તેમની બહેન અને કંપનીના પ્રેસિડેન્ટ ડેનિયલા અમોડેઈ અને OpenAIના અન્ય પાંચ ભૂતપૂર્વ કર્મચારીઓનો સમાવેશ થાય છે. સ્થાપકોએ લગભગ પાંચ વર્ષ પહેલાં OpenAI છોડી દીધી હતી કારણ કે તેઓ એવી કંપની બનાવવા માંગતા હતા જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવતી વખતે સુરક્ષાને વધુ મહત્વ આપે. ત્યારથી, એન્થ્રોપિક એડવાન્સ AIના જોખમો વિશે ચેતવણી આપતી સૌથી મુખર કંપનીઓમાંની એક બની ગઈ છે. તેનો ચેટબોટ, 'ક્લોડ', પણ ઉદ્યોગની સૌથી જાણીતી પ્રોડક્ટ્સમાંની એક બની ગયો છે. જોકે, કંપની હવે મુશ્કેલ સ્થિતિમાં છે. એક તરફ તે AI ના સંભવિત જોખમો વિશે ચેતવણી આપવાનું ચાલુ રાખે છે, તો બીજી તરફ તેના પર શેરધારકોનું આ જ ટેકનોલોજીમાંથી નફો કમાવવાનું દબાણ પણ છે. ગુરુવારે ડેરિયો અમોડેઈએ AI સુરક્ષા અને ટેકનોલોજીકલ વિકાસની ઝડપ વચ્ચેના આ સંઘર્ષને "કંપનીના હૃદયમાં રહેલા કેન્દ્રીય તણાવો"

ઓફ-બીટ



પૈકીનો એક ગણાવ્યો હતો. અમોડેઈએ કહ્યું, "અમે ઝડપને નિયંત્રિત કરવા માટે જે કર્યું છે તે મૂળભૂત રીતે એવું છે કે, 'જુઓ, અમે 200 માઈલ પ્રતિ કલાકની ઝડપે ગાડી ચલાવી શકીએ છીએ. પરંતુ ચાલો આપણે ફક્ત 90 માઈલ પ્રતિ કલાકની ઝડપે ચલાવીએ અને તે સુરક્ષિત રીતે કેવી રીતે કરવું તે સમજવામાં સમય આપીએ.' અને બાકીની બચેલી શક્તિનો ઉપયોગ અમે મોડેલને યોગ્ય રીતે બનાવવામાં કરીએ છીએ. એન્થ્રોપિકના સંશોધકે ચેતવણી આપી કે AI કંપનીઓ માનવ જીવન સાથે જુગાર રમી રહી છે AI સુરક્ષા અને પારદર્શિતા પ્રત્યેની જાહેર પ્રતિબદ્ધતા હોવા છતાં, એન્થ્રોપિકના કાર્યો તેના વચનો સાથે મેળ ખાય છે કે કેમ તે અંગે પ્રશ્નો ઉઠ્યા છે. સપ્ટેમ્બરમાં, તેના એક સંશોધક જેકબ કોક્સને રાજીનામું આપ્યું હતું અને એન્થ્રોપિક તથા OpenAI બંને દ્વારા અપનાવવામાં આવતી સુરક્ષા પદ્ધતિઓની ટીકા કરી હતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે સંકળાયેલા જોખમો અંગે એન્થ્રોપિક અસામાન્ય રીતે ખુલ્લી રહી છે. ગયા મહિને યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન સમક્ષ દાખલ કરવામાં આવેલી ફાઇલિંગમાં, કંપનીએ તેના શેર ખરીદતા પહેલા રોકાણકારોએ ધ્યાનમાં લેવા જેવા જોખમો સમજાવવા માટે 93 પાના ફાળવ્યા હતા. તેમાં સૂચિબદ્ધ ચિંતાઓમાં એવી શક્યતા પણ સામેલ હતી કે એડવાન્સ AI સિસ્ટમ્સ "માનવજાત માટે વિનાશક અથવા અસ્તિત્વના જોખમો" ઊભા કરી શકે છે. કેટલાક લોકો માને છે કે એન્થ્રોપિકે આ જોખમોની ખુલ્લેઆમ ચર્ચા કરીને પોતાની ટેકનોલોજી અને વ્યાપક AI ઉદ્યોગના જોખમો પ્રત્યે પારદર્શિતા દાખવી છે. જોકે, ટીકાકારોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે શું કંપની સૌથી ખરાબ પરિસ્થિતિઓ પર વધુ પડતો ભાર મૂકી રહી છે અને તે જ સમયે સુરક્ષા પરના પોતાના ધ્યાનને કારણે પોતાને તેનો સામનો કરવા માટે સૌથી સક્ષમ કંપની તરીકે રજૂ કરી રહી છે.